જ્વાળામુખીનો ઝપાટો.

રચનાર— વ્યાસ કીરપાશંકર મોતીરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
માસ્તર જેશંકર તથા વ્યાસ કીરપાશંકર

દોહરો.

૧ કવિતા કાચી રચી, કરતો નથી હું ગર્વ;
વિનય કરૂં સૌ વાંચજો, તાન રાગથી સર્વ.

—સુરત—
ન્યુ સોદાગર પ્રેસમાં
સા૦ દુલભરામ મંછારામે છાપ્યું.

સંવત ૧૯૪૫, સને ૧૮૮૯.

કીમત ૧ આનો.

ઝવાળામુખીનો ઝપાટો.

—છપ્પો.—

સુરત શહેરની પેર, હકીકત કહું છું ભારી;
કર્યોછે અગ્નિએ કેર, દુઃખીછે દુનીયા સારી.
બાળીનાખ્યો બાજાર, સુરતની નોક ગુમાવી;
કરી રડતી સુરત વરસ બાવને આવી.
ચાર હજાર ઘર બાળીઆ કોઈન પીછયા મર્મને;
વ્યાસ કીરપારામ એમ કહે, દુખીઆ કીધા સર્વને.

ભેખરે ઉતારો રાજા ભરથરી. એ રાહ

ઝવાળારે મુખીએ જંગલ કર્યું, કીધા જનમનું વેરજી;
શરીરે રાખ્યું ઠામ ઠીકરૂં, આશો શેરપર કેરજી— ઝ૦
સંવત ઓગણો પીસતાલીસે, ચૈત્ર માસ અપરેલજી;
સુદરે ૬૭ છઠી તારીખે, સનીએ મચાવ્યો ખેલજી—ઝ૦
બારાનપોરીરે બાગોળે, દીનના ત્રણ કલાકજી;
અગ્નીદેવ પ્રગટ થયા, લેવા સુરતનું નાકજી— ઝ૦
દીનશાનો કાટ સલગાવીને, ખંગડીવાડ કરી નાસજી;
ઘાંચીનો વાણુજ વાળીઓ, પડ્યો પરતાગોયાને ત્રાસજી
ઝવાળારે૦

ધાઓધાઓધાડીયા ફુકાયછે, આવીપોંચ્યા અમલદારજી
લાવ્યાછે બંબાને આંકડા, કરવા પાણીનો મારજી—ઝ૦
ભાગોળવાળારે ભડકી ઉઠીઆ, નથી નાસવાનો લાગજી
ભયંકર ભડકા નીસરે, ધુધવે કાળીરે નાગજી— ઝ૦
કલાણ કુબેર કહે નારણને, કુધો કોળા તું કાડજી;
આગેબી ગોળો જઇને પડયો, લીધી બુદેલાવાડજી—ઝ૦
પોપટ રૂવેછેરે પાંજરે, રૂવે બૈરા ને બાળજી;
પશુરે પંખીઓ રૂવેધણા, આવ્યો સરવેનો કાળજી—ઝ૦
અગ્ની ચારેગમ ફરીવળી, લીધો લીમડાચોકજી;
પાણીરે વના પ્રલેથઆ, સઉને પડીઓછે શોકજી— ઝ૦
અડધો ડબગરવાડો બાળીઓ, પીઠા કર્યા પ્રલેકારજી.
મુક્તિરેફોજથી અટકી, ઘણા બળ્યા મનીઆરજી—ઝ૦
કટલાક બંબા બળીગયા, પીપનો આવ્યોછે પારજી;
અમલદારે મનમાંવીચારીને, કર્યો વડોદરે તારજી—ઝ૦
ચોર લોકો ચોરી કરે, ધોલે દાડે પડી ધાડજી;
ઘરધણીની પેઠે ઘરમાં, ધુમે જેવારે સાંડજી— ઝ૦
પવન ફર્યોછે પલકમાં, લીધા કંસારાના હાટજી;
સામીરે ઓલ સલગાવીને, ચાલી પાધરી વાટજી—ઝ૦
પારસીશેરીરે પતાવીને, દીધું ઘાંચીને દુઃખજી;
ઘરપીટાલને અડકીનહીં, પાછુ ફેરવ્યુંછે મુખજી—ઝ૦

રૂટેકરો રંગડાઇ ગયો, બાળ્યા તલ તેલ કપાસજી;
ખોળ દીવેલીને ગોળનો, કર્યો સહજમાં નાસજી— ૩૦
અગ્રાધસ્તુ હારીગયા, બાળી શુખડીઆની નાતજી;
ખબર લીધીરે ભાણાવૈદ્યની, એછેજગત વિખ્યાતજી—૩૦
દાદાદેરાનીરે ત્રણ ગલી, બાલી કીધીછે રાખજી;
કાશીરામવૈદથી અટકી, ધોબીઓને કીધા ખાખજી-૩૦
મકાન મોટારે મુશલમાનના, પાછળ ધાચી પંચોળીજી
દેરૂરેબાળ્યું મગનભટનું, બળી બ્રાહ્મણની ઝોળીજી-૩૦
હડધુ હરીપરૂ બાળીયું, બાળ્યા હીરને ચીરજી;
મોટારે મકાનો જોઈને, આવે આખમાં નીરજી— ૩૦
નરૂરે ચોકસી વરજદાસના, જેના મોટાછે ધામજી;
ગોખ જરૂખા ને રાવટી, મીનાકારીછે કામજી— ૩૦
હેવી અમારત ઘણી બળી, મોટા ઉંચા અવાસજી;
ઉપમા આપુ શી વાતની, જેવા સોવના કૈલાસજી—૩૦
કડોકડ કરા પડે, જેવા તોપના અવાજજી;
કાંપેછે સઉના કાળજા, જાણે ગગડ્યા મેઘરાજજી—૩૦
રામદાસ કંસારો રૂપાઘડો, તેના લીધા ઘર ચારજી;
ચીતણીંઆને વેણી ચોકસી, અમદાવાદી લુવારજી—૩૦
ઘેલા સોનીથકી અટકી, છાટ અગાસીની રહીજી;
હડધુંરે બાળ્યું હેનું છાપરું, સામીહારમાં ગઇજી—૩૦

સામીરે હારે સુકલજી, ઘણા વેરણવોના વાસજી;
સુરતો કંસારા સાવકવાણીઆ, તેના ઉપડા અવાસજી
ઝવાળારે૦
મોટુરે દેરૂં પારસનાથનું, પાઠ પુંજા ભણાએજી;
પ્રલે કર્યું પલ એકમાં, તેનું રોડું ન જાણાએજી— ઝ૦
મસીદશેરી ગલી સાંકડી, ભોડા કર્યાં પરસાદજી;
દુલભ પટેલે વરસાવીઓ, પાણીનો વરસાદજી— ઝ૦
સામી શેરી સુખડીયા તણી, નાથાસાનો ઘડગો ઘાટજી;
નવરે દુકાન આઠ ઘરને, કીધાછે બારે વાટજી— ઝ૦
દકાલપોલે સુખીઆ વસે, મોટા કાનદાસ દલાલજી;
નામ જેનું બારેપરે, તેના કેવા થયા હાલજી— . ઝ૦
પાંચ ઘરછેરે પોતાતણા, મોટા કીમતી મુકામજી;
કુટંબ ઘણુંછે ઘરમાં, ન રહો રહેવાનો ઠામજી— ઝ૦
મુકામ મોટોછે વખારનો, તેનો ઉગમણો અવાસજી;
જેવો રાજમે'લ રળીઆમણો, તેનો થયોછે નાસજી-ઝ૦
ચુનાવાળા ચગડાઈ ગઆ, પીઠા બળે જેમ ઘાસજી
કાટપીટીયા નાસીગઆ, સહુને પડીગઓ ત્રાસજી—ઝ૦
ચાર હઝાર ઘર બાળીઆ, બીજા ધીમે ધીમે લીધાજી;
પંદરદીવશલગી ધુમીઆ, બારે પરે દુઃખ દીધાજી—ઝ૦
ઝોઇની હોલવી હોલવાઇ નથી, મીથ્યા કરવો હંકારજી

હેની મેલે તાડીપડી, રાતના વાગ્યા બારે બારજી--ઝ૦
હોમ હવન ઘણા થયા, સરવે પામ્યાછે દુઃખજી;
વારંવાર વીનતી કરે, હવે ન દેખાડશો મુખજી-- ઝ૦
વ્યાસજી ઉતા મુંબાઈમાં, તૈયાર કીધી ઈસ્પેશ્યલજી;
પાંચસેં દોકડા આપ્યા રોકડા, જોવા સુરતના હાલજી--
ઝવાળારે૦
વ્યાસરે કીરપારામ એમ કહે, મન રાખજો સઉ ઠામજી
આપણી સરકાર કહેતે સાંભળી, પછે બાંધજો મુકામજી
ઝવાળારે મુખીએ જંગલ કરયું.

રસીઆ મને જાવાદીજે. એરાગ.

કરી આગે ખરાબી ભારી; તમને વાત સું કહુ વીસ્તારી
કરી આગે ખરાબી ભારી. ટેક.
મારૂ કોમળ કાળજુ બળેછે, મારે નયણે આસું ગળેછે;
એમ કહેછે પ્રીતમને પ્યા'રી— કરી૦ ૧
મારા બળ્યા મોતીના હાર, બીજો ઘણો બળ્યો સણુ-
ગાર, હું શું કહું તમને વિચા'રી— કરી૦ ૨
ઘડી અમર તણી નથી છુટી, મને આગમાતાએ લુ-
ટી, એમ કહેછે નાથને ના'રી— કરી૦ ૩

મારી બળીછે મોહનમાળા, લાલ લીલા રેશમી ગાળા,
કયારે બેસીસ કાયા સણગા'રી— કરી૦ ૪
બળી બંગડી ને ચંદન ચુડી, મને લોક કેહેશે હવે ભુંડી,
નથી નાસવાની એક બા'રી— કરી૦ ૫
કડા કંકણી ને કાળીગાંઠી, મુકી મેડે ને હું તો નાઠી,
હવે બેઠાછુ હીંમત હા'રી— કરી૦ ૬
મારો ચંદન હાર નવ સેરો, મેં તો એકવાર નથી પે-
રયો, મન કેમ વાળુ ધીર ધારી— કરી૦ ૭
મારી મોઘા મુલની ચોળી, સંભારૂને ઉઠેછે હોળી,
જંજીરોને કીટ કીનારી— કરી૦ ૮
મારો છગન મગન ને રામો, તેને તેડી ગયોછે. એનો
મામો, લઈ આવો થાએ આનંદકા'રી—કરી૦ ૯

(હવે પુરૂશ કહેછે)

હવે ધીરજ ધર તું નારી, એ વાત તું નાખ વીશા'રી-
હવે ધીરજ ધર તું નારી. ટેક.
થયું ગોવીંદજીનું ગમતુ, આવ્યુ ચક્ર સઉપર ભમતુ,
કહું તુજને હું વારીવા'રી— હવે૦ ૧
વાત સંભારીને રડેછે, તારા છોકરા ઝુરાઇ મરેછે,
માટે નાંખ તું માયા ઊતા'રી— હવે૦ ૨
બરી વણુજ કરે વસ મળશે, કેશવજી કરૂણા કરશે,

થશે પ્રસન કુંજબીહા'રી— હવે૦ ૩
પ્રભુ કોઈને દુઃખ નથી દેતા, નથી સુખ છીનાવીલેતા,
છે કીસમતની બલીહા'રી— હવે૦ ૪
નાથ કીરપાનો કીરપા કરશે, હરીજનપર હેતજ ધરશે,
એછે ગુણવંત ગીરીવરધા'રી— હવે૦ ૫

ગીરધારીરે— એરાગ.

પ્રાણ પ્યારારે, લાગી સુરતમાં આગ;
તાંતો બળે શીશમને સાગ.
નથી નાસવારે, એકે તરફથી લાગ,
જાણે ધુધવેછે કાળી નાગ. ટેક.

ઝુલ.

કાટવાળાતે બુમો પાડેરે, સળસળનો સરંજામ કાડેરે,
ધાડ પડીછે ધોળે દાડેરે; લોક મળીઆરે— નથી
જવાનો લાગ. જાણે ધુમેછે૦ ૧
પીધી મદીરારે, ઊત્તર દક્ષણ ફેલી; જાણે ધુમે હાથણી
ઘેલી. વાયુ દેવતારે, થયાછે એના બેલી; તેથી ચો-
તરફ એ ફેલી.

ઝુલ.

આવી પોંચ્યાછે અમલદારરે, લાગ્યા હોલવવા હ-
થીયારરે, જળજંત્ર નળાનો મારરે; ફાળ મારેરે,
જેવા કેશરી વાઘ— જાણે ધુમેછે૦ ૨

ભાગોળીઆરે, ઉઠયાછે શુરવે ભડકી; જયારે લીધો ધાં
ચીની ખડકી. ભાજીવાલીરે, મઉથી પેલી સડકી;
ભુલી પડી ચુનીની જડકી.

ઝુલ.

ઘાંચી કાડે ખજુરને ગોળરે, જોઈ આગમાતાની છોળરે
નથી ઊગરવાનો ડોળરે; બીધા ગાંધીરે, જયારે દી-
ધો મસીદમાં પાગ— જાણે ધુધવેછે૦ ૩

પટવાનેરે, પટકીને આગલ ચાલી, ડબગરના ઘરને
બાલી. બાળ્યા પીંઢારે, તેનાંજોડે એક માલી;
મુક્તીફોજે તે પાછી વાલી.

ઝુલ.

સામી ચાલીતે લીમડા ચોકરે, પડયો શુખડીઆને
શોકરે, શીફલવાલા મુકેછે પોકરે, હેવું જોઈનેરે,
આવેછે મન વૈરાગ— જાણે ધુધવેછે૦ ૪

હારી બેઠારે, થાકયાછે અમલદાર; જયારે લીધી કંસા-
રાની હાર, કાપડીઆરે, થઈગયાછે પાર, નાસી

ગયાછે દુકાનદાર. ઝુલ.

મોતીરામે છંટાવ્યું પાણીરે. લાવ્યા બેત્રણ બંબા તા-
ણીરે, ક્રોધ આગમાતાનો જાણીરે, પ્રાણ ઝટેરે ચડા
વી માને ભાંગ— જાણે ધુધવે૦ ૫

અલબેલીએરે, ખાધોછે જળનો માર, ફરી પારશી શેરી
પાર. સુરતી ઘાંચીરે, થઇગયાછે ખુવાર, અસ્બાબ સુ
બળ્યાછે લુવાર. ઝુલ.

ભાણા વઈદનો ખાધો પાકરે, દાદા સાહેબનો નહી
ધાકરે, નથી લાલા ગોલાનો વાંકરે, ચડી ટેકરેરે,
દીઠાછે ચાંથરાં અથાગ— જાણે ધુધવે૦ ૬

બાળ્યા ધોબીરે, દરજીને પ ગોળી; કહે મગન આ છઠો
હોળી. રૂવે શાવકરે, આતો આવીછે ગેબા ગોલા
રૂપાધડાને નાખ્યાછે રોળી.

ઝુલ.

ઘેર્યું હરીપરાનું નાકુરે, હોરાધસુએ ઉઘાડયું ટાકુરે,
આગે જાણ્યું આ કામછે વાકુરે, પાછી ફરીછેરે,
દીઠો સઉનો એક રાગ— જાણે ધુધવે૦ ૭

રૂ ટેકરેરે, મોટી આગની ફાંસી, ગયા ચોકશી સઘળા
નાસી. ભુવનભારેરે, ધાબા ધાબલી ને અગાસી;
જોઇ રડે ઘેલાની કાસી.

ઝુલ.

હાંડી તકતાને કબાટરે, ગાદી તકીઆ ખુરશીને પાટરે,
છપર પલંગ ઉપર છાટરે, ઢાળ્યા ઢોળીઆરે, ઉઠી
તેનાપર આગ— જાણું૦ ૮

સુખડીયારે, શેરીમાં વસેછે વેપારી; નાથાસાની શોભા
ઘણી સારી. કરીનાંખીરે, પાંચ પલકમાં ખુવારી;
પારશનાથની પુજા ભારી.

ઝુલ.

મસીદશેરીમાં રહેછે રેવારે, માલી નથી રહી કંઇ લે-
વારે, ડકાલપોલના હેવાલ કેવારે, વસે શેઠીઆરે,
પંચમાં સુકાવે માગ. જાણું૦ ૯

કાનદાસરે, મોટા રેશમના દલાલ; જેની રૂડી જગતમાં
ચાલ. ઘર પાંચનોરે, આગે ઉડાવ્યો ગુલાલ;
કરયા ઘડીમાં પાએમાલ.

ઝુલ.

હતા મુંબઈમાં નામદારરે, સુકાવ્યો મેતાએ તારરે;
તર્ત થઈગયા તઇઆરરે, આવ્યા સુરતરે, જોયો
બળેલો બાગ— જાણું૦ ૧૦

ચુના બંગડીનારે, થઇગયાછે ચુરા, પીઠાવાળા થયાછે
પુરા. કાટ વાળાનારે, હાલ થયાછે બુરા, કાંસકી

વાળા રહ્યાછે અધુરા.

ઝુલ.

વ્યાસ કહેછે હીરપારામરે, સઉ જપો પ્રભુનું નામરે,
અંતકાળે આવશે કામરે, મન વાળીરે, કરો હવ-
નને યાગ— જાણે ધુધવે કાળી નાગ. ૧૧.

ગરબી.

(મોલે પધારો માહારાજ—) એ રાગ.

જુલમ કર્યો જગદીસ, આ આગે જુલમ કર્યોછે;
કહાડી કંઈક દાડાની રીશ, ઘરનો ઘાણ વળ્યોછે.

સાખીઓ.

સંવત અરાડસે તાણુંમાં, લાગી મોટી આગ;
દીવસ ત્રણલગી રહી, એને બાળ્યોતો અડધો ભાગ-ધ૦
આ કેરપણ કારમો, સાંભળીએ બળવીર;
રાવરંક રડાવીઆ, જોઇ આવે આંખમાં નીર— ધ૦ ૨
બળ્યાછે મંદીર માળીઆ, બળીગયો બાજાર;
કાનશો ફુટીગયા, વળી તુટી ગયાછે તાર.— ધ૨૦ ૩
બંબાઓ બળીગયા, પીપનો આવ્યો પાર;

જાંમરજાસ્તખાં શું કરે, આગે લીધીછે બળે હાર—ધ૦ ૪
ઘરવાળા ગભરાઈ ગયા, જોઇ આગનો ખેલ;
ધોબીઘટે જઈ પડયા, જુવે દુ:ખદરીયાની સેલ— ધ૦ ૫
બાળક લીધા બગલમાં, રૂવેછે નર ને નાર;
કુટંબ લઇને આવીઆ, દીલ્લીદરવાજા બાહાર—ધર૦ ૬
અમલદાર હારીગયા, નથી હોલવવા લાગ;
અગ્નિ હાથીએ ચડયો, ખેલેછે ફાગણનોફાગ—ધર૦ ૭
સીપાઈઓ સાવધ રહો ચારેગમ અસવાર;
પકડો હરામખોરને, કહેછે નાનાભાઈ ફોજદાર—ધ૦ ૮
ભાડે ગાડા લાવીઆ, ભરયો ઘણોએક ભાર;
માલધણી ઘરમાં ગયો, એટલે કસોગયો પોબાર—ધ૦૯
મદત કરવા મનકરૂ, જોઇ ગરીબના હાલ;
ધાણા ચણા જારી કરૈ, કહેછે છોટાભાઈને રાંમલાલ;—
ઘરનો૦ ૧૦
ફંડ મચાયો ફાવતો, કરવા રંકના કામ;
રાળો કામેટી બાગમો, દેશી માત્રક મછારાંમ—ધ૦ ૧૧
રડતી સુરત થઇ ગયુ, કોનું ટાળે દુ:ખ;
મદત થશે મુબાઈનાં, તારે ભાગશે ભુખ્યાની ભુખ—
ઘરનો૦ ૧૨

—:*:—

ગરબી.

(અલબેલીરે અંબે માત જોવાને જઈએ.) એરાગં:

તમે સાંભળો સુરતના લોક, કલજુગ છે કાળો;
કોપ્યાછે અગ્નીદેવ, સમજીને ચાલો. ટેક
જુઠુ બોલવું ને ઓછું તોલવું, મુકીદો વિભીચારરે;
ઈશ્વરને એ નથી ગમતું, માટે મારેછે ગેબી માર—સ૦
અગ્ની વાયુ સંપ કરીને, નીસરયા બંને ફરવારે;
સુરત સુરતને ઝાંખીકરવા, આવ્યા ખપર ભરવા—સ૦
મગનથઇને આવ્યા માલતા, બહુચરીએ બોણી કરાવીરે
દસ ઘર દુબળાના બાળ્યા, બેસતે વરશે આવીરે— સ૦
પછી કારતગ સુદ પાંચમને દાડે, કેશુર ધીયાને ઘેરરે;
મધરાત્રીએ પ્રગટ થયા, લીધુ કંઈક દાદાનું વેર— સ૦
માગશર મહીને મીલ બળીછે, પોસમાં ઘર પાંચરે;
માહા મહીનામાં બળયો માંડવો, લાગી કંડીલની
આંચ— સમ૦
ફાગણમાશે જાગ્યો કોલારો, મરકી થઈછે ઝાઝીરે;
અગ્નીદેવ ભાગોળે પ્રગટા, પેહેલી ચાખી ભાજીરે—સ૦
સંવત ઓગણીસેં પીસતાલી, ચૈત્રમાસ અપરેલરે;
છઠને દાડે છઠી તારીખે, સનીએ મચાવ્યો ખેલ—સ૦
પેલે પોહોરે માછલીપીઠમાં, ઘાસના તબેલા બાળ્યારે;

પાણી છાંટીને તાડા પાડયા, અગ્નીદેવને ખાળ:— સ૦
કાટપોટીઆનો કાટ કાઢાડવા, બજાર કરવા રાનરે;
રાવ રંક રજકતા કરવા, ઉતારવા અભીમાન— સ૦
પાછલે પોરે ત્રણ કલાકે, ઝવાળામુખી જગઅંબારે;
દીનશાનો કાટ સળગાવો, પછે નીસરયા રંબારે— સ૦
પીઠામાંથી પીધાં ગદીરા, બંગડી પેરી હાથેરે;
કાટપોટીઆની બંને હારને, સળગાવીછે સાથે— સ૦
વાયુદેવને સાથે લીધા, કસીને કંબર બાંધારે;
બંગડીવાળીને જોડે નેસતી, સામો તે જેઠોગાંધી— સ૦
આખા ગામમાં બુમ પડીછે, પડી ઓચીંતી ધાડરે;
ધાઓધાઓ ધાડીયા કુંકાએ, આવીપોંચ્યાછેઅમલદાર
સમજીને૦
બંબા આંકડા પીપમાં પાણી, બારે પરેથી આવેરે;
ચારેગમથી થયો ફેલાવો, તેમા કસુ ન ફાવેરે— સ૦
ઝંબેઝંબેનો ઉઠયો ગુંડો, વાએ વાયુ વીકરાળરે,
ભયંકર ભડકાઓ જોઈને, પડેછે સઉને ફાળ— સ૦
હરીભાઈએ કરી ઊતાવળ, માલ મજુરને માથેરે;
માલણ કહેછે ઉઠો દીકરા, બે હાર લીધી સાથેરે— સ૦
સાકનો સમચાટ વાલવા, આગે જુગતી કીધીરે;
નાથાસાની સુખડીખાવા, હાર પંચોલીની લીધીરે-સ૦

ધાંધીઓ ગભરાઇ ગયાછે, સુખડીઆઓ સટકારે;
ગમરા શેવ મારગમાં રઝળે, આગે સઉને જટકા—સ૦
ગોલવાળાને આતુ કહેછે, નથી ઉગરવા આરોરે;
બંને ગલી લીધી ઘાંચીની, નથી પાણીનો મારો— સ૦
ખીમો પંચોળી મોટો વેપારી, તે સમે નોતો ઘેરરે;
દીલીદરવાજે વાત સાંભળો, આશો થઇગયો કેર— સ૦
રામદાસ ને સામદાસ ધાધી, અસલ એ વેપારીરે,
હેંવા તંબોળી કરે ઉતાવળ, બળવાદો શોપારીરે— સ૦
આદુ મરચા શુરણ રતાળુ, આગે બાળી દીધારે;
કોળુ તુરીયા દુધી કારેલા, વેગણના ભોજન કીધારે-સ૦
કલાણ કુબેર ગભરાઇ ગયોછે, દીઠો આગનો ફુંસોરે;
દફતર વકરો લઈને ભાઇઓ, પાછલેબાણેથી નાસો—સ૦
ગણપત કહેછે હરજીભગતને, લાવોની ભાડે ગાડુરે;
વખાર ખાલી કરીછે ભાઇએ, હું એ સામગ્રી કાડુરે-સ૦
લખીઆ બેચર કહે તીભોવનને, મુકો તમારી ટેવરે;
મજુરને માથે માલ ચડાવો, બળવાદો મમરાસેવ— સ૦
મોતીરાંમ કહેછે ફુલહારને, તુ તંબાકુ કાડરે;
આ ગેબી ગોળો જઇને પડો, તેનેલીધી બુદેલાવાડ—સ૦
ગાડાવાળા ગભ્ભર થયાછે, મજુર થયા મતવાલારે;
તેના ગજવા તર થયાછે, તેમાં ઘણા ગામડાવાળા—સ૦

ભાડભુંજા ને મેવાવાળા, ધાધી થયા ખુવારરે;
નાણાવટી ને તંબોળી વાણી, લીધીછે સામો હાર—સ૦
ફુળાવાળા ઘભરાઇ ગયાછે, નથી મળતા મજુરરે;
ભાજીઓ ભરથાઇગઇછે, ત્રરી બળ્યાતે ગોળખજુર—સ૦
પટવાઓ પોટલા લઇ નાઠા, જઇને બેઠા ઘેરરે;
દુકાનદારની બળે દુકાનો, તેમાં આપણું સાનુ વેર—સ૦
કસુમગર કકળીને ઉઠયા, લીધીછે ડબગરવાડરે;
મોટી દુકાનછે કરીઆણાની તાં આવી અગ્નિની ધાડ
સમજીને૦
બીઠા પ્રલેકાર થયાછે, અડધી ખતરીની હારરે,
મુક્તીફોજને મુકી દીધા, પણ ઘણા બળ્યા મનીહાર—
સમજીને૦
અધરમ મુકજે હળવે હળવે, નહી કર થાશે નાશરે;
માજી શહેરપર મેહેરજ કરશે, કહેછે કીરકારામ વ્યાસ—સ૦

સમાપ્ત.

ભુજંગીછંદ.

આ ચોપડીની ચતુરાઈ રચીછે,
જુગતી જોડ કથાની તેમા ખુબ મચી છે. ૧
નથી પડયા અક્ષર એક માત્રા કાનો,
જુજ કીમત રાખીછે એની એક આનો. ૨
કાચી બુદ્ધીમાં મેં આ કવિતા કરીછે,
વાંચો મિત્ર મારા રશીક રંગ ભરીછે. ૩
કીરપારામ મોતીરામ વ્યાસજીમાં નામછે,
મહીધરપરે કંસારા સેરીમાં મુકામ છે. ૪.

જાહેરખબર.

☞ આ ચોપડી સુરત મહીધરપરાની કંસારાશેરી મધે માસ્તર જેશંકર ગવરીશંકર પાસેથી તથા રચનાર પાસેથી રોકડી કીમતે મળશે.